**કૃપાકરી પ્રસિધ્ધી માટે :** **૧૬ ડિસેંબર ૨૦૦૮**

**મુરલી દેવરા વિમાન કંપનીઓ પર મહેરબાન**
**રાંધણગેસ અને ડિઝલ ના ભાવ કપાત નહીં**
**સરકારનું માથું ઠેકાણે નથી – રામ નાઈક**

**મુંબઈ,મંગળવાર :**" આંતરરાષ્ટ્રીય બઝારમાં કાચા તેલની કિમત ફરીથી નીચે આવી હોઈ ૧૫ દિવસની અંદર હવાઈ ઈંધણના (એવીએશન ટર્બાઈન ફયુએલ)પ્રતિ લિટર ભાવ પેટ્રોલિયમ પ્રધાન શ્રી મુરલી દેવરાએ ફરી રૂ.૪.૩૮ ઓછા કરી શ્રીમંતોને મદદ કરી છે.પણ રાંધણગેસ સિલિંડર દીઠ રૂ.૫૦ અને ડિઝલ રૂ.૩ લિટર દીઠ ઓછા ન કરી 'આમ આદમી'ના ઘા પર મીઠું ભભરાવ્યું છે," આ મુજબની પ્રતિક્રિયા માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકે આજે મુંબઈ ખાતે બહાર પાડેલ અખબારી યાદીમાં આપેલ છે.

આ સંદર્ભે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે,"જૂન ૨૦૦૮ માં આંતરરાષ્ટ્રીય બઝાર માં કાચા તેલ નો ભાવ ૧૪૭ બૅરલ દીઠ જેટલો વધ્યો હતો.તે વેળાં કોંગ્રેસ સરકારે પેટ્રોલ રૂ.૫,ડિઝલ રૂ.૩ લિટર દીઠ,અને રાંધણગેસ સિલિંડર દીઠ રૂ.૫૦ વધાર્યા હતાં.ત્યારબાદ કાચાતેલ નો ભાવ ડિસેંબરના પહેલાં અઠવાડિયામાં ૫૦ ડૉલર કરતાં ઓછા થવાથી પેટ્રોલ લિટર દીઠ રૂ.૫,ડિઝલ લિટર દીઠ રૂ.૨ અને હવાઈ ઈંધણ લિટરે રૂ. ૩૮.૧૦ એ રીતે ઓછા કરવામાં આવ્યા.હવે તો કાચાતેલના ભાવ ૪૧ ડૉલર એટલે કે ૭૨ ટકા ઓછા થયેલ છે.છતાંયે ડિઝલ અને રાંધણગેસના વધારેલાં ભાવો ઓછા કરવામાં આવ્યા નથી.એની તુલનાએ ઑગષ્ટ ૨૦૦૮ માં હવાઈ ઈંધણ ના ભાવ લિટર દીઠ રૂ.૭૩.૬૭ હતાં તે હવે ૧૬ ડિસેંબર ના રોજ ૩૩.૭૨ કરવામાં આવેલ છે.અર્થાત ઑગષ્ટ થી ડિસેંબર આ સમયગાળા માં રૂ.૩૯.૯૫ લિટરે ઓછા કરવામાં આવ્યા છે.શ્રીમંતોના ઈંધણને રાહત અને ઘરઘરાઉ રાંધણગેસ અને ડિઝલ ના ભાવ ઓછા ન કરવા એ સંતાપજનક બાબત છે.તેમજ સ્કુટર,મોટરસાયકલ,મોટરકાર માટે ના પેટ્રોલ ના ભાવ રૂ. ૫૦.૦૭ લિટરદીઠ જયારેકે હવાઈ ઈંધણ ના ભાવ રૂ.૩૩.૭૨.અર્થાતજ હવાઈ ઈંધણ પેટ્રોલ કરતાં રૂ.૧૬.૩૫ જેટલું સસ્તું છે.આ વિરોધાભાસ દર્શાવે છે કે સરકારનું માથું ઠેકાણે ન હોવાનો પુરાવો છે."

" આંરરાષ્ટ્રીય તેલના ઉતરેલ ભાવ ધ્યાનમાં લઈ રાંધણગેસ ના ભાવ માં રૂ.૫૦ સિલિંડર દીઠ અને ડિઝલમાં રૂ.૩ લિટર દીઠ ભાવ ઓછા ન કર્યાં તો જનતાને ઉગ્ર આંદોલન છેડવું પડશે." એવી ચેતવણી પણ શ્રી રામ નાઈકે આપેલ છે.

**(કાયાલય સચિવ)**